**<u>–:: ફોજદારી અપીલ નં.૧૦૯/૨૦૨૫ ના કામે આંક–૧ લગત હુકમ ::–</u>**

**૧.** એપેલેન્ટ/આરોપીને વિ. ટ્રાયલ કોર્ટે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી સજા અને વળતર ચુકવવાનો હુકમ કરેલ છે. સદરહુ વાદગ્રસ્ત હુકમથી નારાજ થઈને એપેલેન્ટ/આરોપીએ હાલની આ અપીલ દાખલ કરેલ છે. હવે બન્ને પક્ષે એટલે કે એપેલેન્ટ/આરોપી તથા રીસ્પોડન્ટ/મુળ ફરીયાદી વચ્ચે લોકઅદાલતના ભાગરૂપે કન્સીલીએશન મારફત સમાધાન થઇ ગયેલ છે તેવુ આ કામે આંક–૨૫ ની પુરસીસ આપીને જાહેર કરેલ છે. બન્ને પક્ષકારોને પુછતાં તેઓને આ સમાધાન કબુલ મંજુર હોવાનું જણાવેલ છે અને સમાધાનનું લખાણ સ્વીકારેલ છે. મુળ ફરીયાદીને આરોપી પાસેથી આ કેસ બાબતેની કોઇ લેવડ–દેવડ બાકી રહેતી નથી, તે બાબતની ખાત્રી કરવામાં આવેલ છે. હવે સમાધાન થતા એપેલેન્ટ/આરોપી અપીલ આગળ ચલાવવા માંગતા નથી. વળી, આ કામ આજરોજ **નેશનલ લોક અદાલત**માં રાખેલ છે અને બન્ને પક્ષે સમાધાન થઇ ગયેલ છે. જે સમાધાન નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૭ મુજબ પરવાનગીને પાત્ર છે અને તે મુજબ બન્ને પક્ષકારોને આંક–૨૪ થી પરવાનગી આપવામાં આવેલ છે.

**૨.** આ કામે પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયેલ હોય, તે સમાધાન રેકર્ડ ઉપર લેવામાં આવે છે અને એપેલેન્ટને વિ. ટ્રાયલ કોર્ટે કરેલ સજા રદ કરવામાં આવે છે.

**૩.** આ સમાધાન નેશનલ લોકઅદાલતમાં થતુ હોય, નામ. સુપ્રિમ કોર્ટના **મધ્ય પ્રદેશ સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી વિ. પ્રતિક જૈન (૨૦૧૪(૬) સુપ્રિમ, પાના નં.૭૫૯)** ના ચુકાદા મુજબ એપેલેન્ટ/આરોપીને સ્પેશ્યલ કોસ્ટ કરવામાં આવતી નથી.

**૪.** ઉપરોકત અવલોકનો સાથે હાલની કન્વીકશન અપીલ ફેંસલ ગણવામાં આવે છે.

**૫.** વિ. ટ્રાયલ કોર્ટનું રેકર્ડ તાત્કાલીક મોકલી આપવુ.

આ હુકમ આજરોજ તા.૧૪મી,માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોકઅદાલતમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૪.૦૩.૨૦૨૬
સ્થળ–વેરાવળ

**(વિક્રમસિંહ બી. ગોહિલ)**
સત્ર ન્યાયાધિશ
ગીર સોમનાથ, વેરાવળ
કોડ નં. જીજે૦૧૦૪૨